RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 343 * Date: 04.10.2026,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

૪૦ મોત, ૫૦ જિલ્લામાં કટોકટી, હજારો લોકો બેઘર: જળપ્રલયના કારણે થાઈલેન્ડમાં ત્રાહિમામ



થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં ૩૦૦ મિલીમીટર વરસાદથી જળબંબાકાર થયો છે. ૫૦ જિલ્લામાં પૂરની સ્થિતિ જાહેર કરાઈ છે અને ૪૦ લોકોના મોત થયા છે. હજારો લોકોનું સ્થળાંતર કરાયું છે. સુવર્ણભૂમિ એરપોર્ટ પર ફ્લાઈટ્સ રદ થઈ છે. વડાપ્રધાને 'વોર રૂમ' બનાવ્યો છે. ગ્લોબલ વોર્મિંગને કારણે આવી ઘટનાઓ વધી રહી છે, જે પડોશી મ્યાનમારને પણ અસર કરી રહી છે.થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદ અને જળબંબાકારની સ્થિતિ સામાન્ય છે, પરંતુ આ વખતે વરસાદે તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. માત્ર બે દિવસમાં અંદાજે ૩૦૦ મિલીમીટર જેટલો ભારે વરસાદ ખાબકતા બેકોકનાં અનેક વિસ્તારો નદી નહીં પરંતુ સ્થિર પાણીથી ભરેલા તળાવમાં ફેરવાઈ ગયા છે. આ કુદરતી આફતમાં પૂર સંબંધિત ઘટનાઓને કારણે લગભગ ૪૦ લોકોના મોત થયા છે, જેમાં ડૂબી જવાથી અને કરંટ લાગવાથી મૃત્યુ પામેલા લોકો સામેલ છે. સરકારી આંકડા મુજબ હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.ચાઓ ફ્રાયા નદીના પૂરના મેદાન પર વસેલા બેંગકોકમાં કોંક્રીટના વધતા બાંધકામોથી નહેરોનો વ્યાપ ઘટતાં પાણીનો નિકાલ અટક્યો છે, જેના કારણે સરકારે તમામ ૫૦ જિલ્લાઓમાં પૂરની આપત્તિ જાહેર કરી છે. પરિસ્થિતિ એવી ગંભીર બની છે કે લોકો ઘરો સુધી જવા ઈન્ફ્લેટેબલ પૂલ, તરતી ફ્રિજ કે જેટસ્કીનો સહારો લઈ રહ્યા છે. વળી, પૂરના કારણે પ્રખ્યાત સુવર્ણભૂમિ એરપોર્ટનું સંચાલન પ્રભાવિત થતાં થાઈ એરવેઝના કર્મચારીઓ સમયસર ન પહોંચી શકવાથી હજારો સામાન ફસાઈ ગયો છે અને ફ્લાઈટ્સ રદ કરવી પડી છે.ઉત્તર તરફથી વહી રહેલા પૂરના પાણીને કારણે બેકોક હજુ પણ જોખમમાં છે. થાઈલેન્ડના વડા પ્રધાન અનુક ચાર્નવિરાકુલે જણાવ્યું છે કે સ્થિતિ પર નજર રાખવા માટે એક ખાસ 'વોર રૂમ' બનાવવામાં આવ્યો છે. પૂરના પાણી થોડા ઓસર્યા બાદ હવે શહેરમાંથી ભારે ગંધ અને કચરો ચારેય તરફ ફેલાઈ રહ્યો છે, જેના કારણે રોગચાળાનું જોખમ પણ વધી ગયું છે. સ્થાનિક નાગરિકો આ મુશ્કેલ સમયમાં એકબીજાની મદદ કરીને હિંમતપૂર્વક પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.વૈજ્ઞાનિકોના મતે દક્ષિણ-પૂર્વ એશિયામાં આ પ્રકારની આત્યંતિક વરસાદી ઘટનાઓ પાછળ ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તન મુખ્ય કારણ છે. ગરમ સમુદ્ર વધુ પાણી વરાળ સ્વરૂપે ઉપર મોકલે છે અને ગરમ હવા વધુ ભેજ ધરાવે છે.

ગાંધીનગર જિલ્લાના તમામ પાત્ર નાગરિકો અને યુવાનોના મતદારયાદીમાં નામ નોંધાવવા માટે યોજાશે 'ખાસ ઝુંબેશ'

ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયની સૂચના અનુસાર ગાંધીનગર જિલ્લામાં મતદારયાદીની સતત સુધારણા પ્રક્રિયા અંતર્ગત ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી રવિન્દ્ર ખતાલે દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આ ખાસ ઝુંબેશમાં ગાંધીનગર જિલ્લાના તમામ વિધાનસભા મતદાર વિભાગોમાં તા. ૧૧,૧૮ અને ૨૫ ઓક્ટોબર તેમજ ૦૧ નવેમ્બરના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૫:૦૦ કલાક સુધી પાત્ર નાગરિકો નિયત દિવસો દરમિયાન પોતાના મતદાન મથકેથી ફોર્મ મેળવીને બી.એલ.ઓને જરૂરી પુરાવા સાથે અરજી રજૂ કરી શકશે. આ ઝુંબેશમાં મતદારયાદીમાં નોંધણી કરાવવાથી બાકી રહી ગયેલા નાગરિકો તેમજ પ્રથમ વખત મતદાર બનવા પાત્ર યુવાનોના નામ ઝડપથી નોંધાઈ શકે તે સુનિશ્ચિત કરવામાં આવશે. જીંઈ તબક્કા માટે ફોર્મ-૬ સાથે જોડાતું ઘોષણા પત્રક આ સમયગાળા દરમિયાન વાપરવાનું રહેશે નહી.

ગાંધીનગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ પાત્ર નાગરિકો, ખાસ કરીને પ્રથમ વખત મતદાર બનતા યુવાનોને આ ખાસ ઝુંબેશનો મહત્તમ લાભ લઈ, લોકશાહીની પ્રક્રિયામાં સહભાગી થઈને પોતાનું નામ મતદારયાદીમાં અચૂક નોંધાવવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી રવિન્દ્ર ખતાલે દ્વારા નમ્ર અનુરોધ કરવામાં આવ્યો છે.


મોંઘવારીનો ડામઃ પેટ્રોલમાં ૫ અને ડીઝલમાં ૩નો ભાવવધારો, ખાનગી કંપની નાયરા એનર્જીનો નિર્ણય



નાયરા એનર્જીએ શનિવાર સવારથી દેશના ૭,૧૦૮ ફ્યુઅલ સ્ટેશનો પર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઈ૧૦૦ને પાર થતાં કંપનીએ પેટ્રોલના ભાવમાં ?૫ અને ડીઝલમાં?૩નો વધારો ઝીક્યો છે. સરકારી કંપનીઓએ ભાવ સ્થિર રાખ્યા છે, જેથી તેમના પંપ પર જૂના ભાવે જ ઈંધણ મળશે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં સતત થઈ રહેલા વધારા વચ્ચે દેશની સૌથી મોટી ખાનગી ફ્યુઅલ રિટેલ કંપની નાયરા એનર્જી (દ્વ્ટ્ઠઅટ્ઠટ્ઠિ ઈહીષ્ટ્રિઅ) એ ગ્રાહકોને મોટો આંચકો આપ્યો છે. કંપનીએ શનિવાર સવારથી જ પોતાના તમામ આઉટલેટ્સ પર પેટ્રોલની કિંમતમાં પ્રતિ લિટર ?૫ અને ડીઝલની કિંમતમાં પ્રતિ લીટર?૩ નો સીધો વધારો અમલી બનાવી દીધો છે.રિપોર્ટ અનુસાર, નવી કિંમતો શનિવાર સવારથી દેશભરમાં આવેલા નાયરાના તમામ ૭,૧૦૮ ફ્યુઅલ સ્ટેશનો પર લાગુ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા ઈરાન અને વેસ્ટ એશિયામાં ચાલી રહેલા રાજકીય તણાવના કારણે માર્ચ મહિનામાં કંપનીએ ભાવ વધાર્યા હતા. પરંતુ ત્યારબાદ સ્થિતિ થાળે પડતા અને ક્રૂડના ભાવ ઘટતા ૧ જુલાઈના રોજ કંપનીએ વધારેલો ભાવ પાછો ખેંચી લીધો હતો. પરંતુ હવે ફરી એકવાર બેરલ દીઠ ક્રૂડ ઓઈલના ભાવ ઈ૧૦૦ની ઉપર પહોંચી જતાં કંપનીએ પોતાની પડતર કિંમત સરભર કરવા માટે ફરી ભાવવધારો ઝીક્યો છે. નાયરા એનર્જી દ્વારા કરાયેલો આ ભાવવધારો માત્ર તેના પોતાના પંપ પૂરતો જ સીમિત છે.



રશિયન હવાઈ હુમલાને કારણે કીવનાં ત્રણ પુલો બંધ : સમગ્ર શહેરમાં ભારે ટ્રાફિક જામ



યુક્રેનનાં કીવ શહેરમાં રશિયાના હવાઈ હુમલાથી નીપ્રો નદી પરના ૩ પુલ બંધ કરાતા, રોજિંદા જીવન મુશ્કેલ બન્યું. યુક્રેનને અમેરિકા, ભારત, તુર્કી અને ઈજિપ્ત તરફથી રશિયા સાથે આંશિક યુદ્ધ વિરામ માટે પ્રસ્તાવો મળ્યા છે. જેમાં એનર્જી ઈન્ફ્રાસ્ટ્રકચર અને કાળા સમુદ્ર પર હુમલા રોકવાની વાત છે.રશિયન હવાઈ હુમલાને કારણે કીવનાં ત્રણ પુલો બંધ : સમગ્ર શહેરમાં ભારે ટ્રાફિક જામરશિયા કીવનાં લોકોનાં રોજિંદા જીવનને મુશ્કેલ બનાવવા મથે છે : યુક્રેનયુક્રેનને અમેરિકા, ભારત, તુર્કી અને ઈજિપ્ત તરફથી રશિયા સાથે આંશિક યુદ્ધ વિરામ માટે પ્રસ્તાવો મળ્યાકીવ : રશિયન હવાઈ હુમલાઓને કારણે શુક્રવારે કીવમાં નીપ્રો નદી પર બનેલા ત્રણ પુલોને થોડાક સમય માટે બંધ કરવાની ફરજ પડી હતી. આ મોસ્કોની કીવનાં લોકોનાં રોજિંદા જીવનમાં અવરોધ ઉભો કરવાની નીતિ છે તેમ યુક્રેનની રાજધાની કીવનાં મેયરે એક નિવેદનમાં જણાવ્યું છે.આ દરમિયાન યુક્રેનનાં ટોચનાં રાજદ્વારીએ જણાવ્યું હતું કે અધિકારીઓને અમેરિકા, ભારત, તુર્કી અને ઈજિપ્ત તરફથી રશિયા સાથે આંશિક યુદ્ધ વિરામ માટે અલગ અલગ પ્રસ્તાવો મળ્યા છે.આ પ્રસ્તાવોમાં એનર્જી ઈન્ફ્રાસ્ટ્રકચર પર હુમલાઓ રોકવાની વાત છે. જેના કારણે રશિયામાં ફ્યુઅલની અછત અને યુક્રેનમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. કાળા સમુદ્ર પર હુમલો રોકવાની વાત છે જે વિશ્વનાં બજારોમાં જરૂરી અનાજ નિકાસ કરવા માટે જરૂરી છે.રશિયન હુમલાઓને કારણે કીવનાં ૬ સડક પુલો પૈકી ત્રણને બંધ કરવાની ફરજ પડી હતી. જેના કારણે ટ્રાફિક જામ થઈ ગયો હતો અને એવું લાગી રહ્યું હતું કે આ શહેરનાં લોકોને હેરાન કરવાની તેની નવી યુક્તિ છે.આ અગાઉ રશિયાએ એપાર્ટમેન્ટ બ્લોક, સુપરમાર્કેટ વેરહાઉસ, ગેસ સ્ટેશન એ ડેટા સેન્ટર જેવા અન્ય લક્ષ્યાંકોને નિશાન બનાવ્યા હતાં.વોશિંગ્ટન સ્થિત ઈન્સ્ટીટયૂટ ફોર ધ સ્ટડી ઓફ વોર નામની એક થિંક ટેન્કે એક રિપોર્ટમાં જણાવ્યું છે કે માર્ચ અને સપ્ટેમ્બરની વચ્ચે રશિયન સેનાએ યુક્રેનનાં ૩૦૦ ચો. કિલોમીટરનાં વિસ્તાર પર પોતાનું નિયંત્રણ ગુમાવી દીધું છે. સપ્ટેમ્બરમાં રશિયાનાં ૪૬૦૦૦થી વધુ સૈનિકોનાં મોત થયા છે.ઝેલેન્સ્કીએ ફરી એક વખત વિશ્વનો દેશોને રશિયા સાથે વેપાર ન કરવા અને વધુ પ્રતિબંધો મૂકવાની અપીલ કરી છે.યુક્રેનનાં વિદેશ પ્રધાન સિબિહાએ જણાવ્યું છે કે અમે કેટલીક શરતોને આધીન એનર્જી અને કાળા સમુદ્રમાં સીઝ ફાયર માટે તૈયાર છીએ.

તંત્રી લેખ

નવા રોકાણ પ્રોજેક્ટોમાં નોંધાયેલો મોટો ઘટાડો

ભારતમાં નવી ફેકટરીઓ, રોડ, બ્રિજ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટો માટે જાહેર થયેલા નવા રોકાણ પ્રસ્તાવોમાં સપ્ટેમ્બર ૨૦૨૬ના પૂરા થયેલા ત્રિમાસિકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, એમ સેન્ટર ફોર મોનીટરીંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈઈ)ના પ્રોવિઝનલ ડેટામાં જોવાયું છે. આ ડેટા મુજબ સરકારી અને ખાનગી બન્ને ક્ષેત્રના નવા પ્રોજેક્ટ જાહેર કરવામાં અગાઉના ત્રિમાસિકની સરખામણીએ તીવ્ર ઘટાડો થયો છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા જાહેર કરાયેલા નવા પ્રોજેક્ટોનું કુલ મૂલ્ય રૂ.૧.૩ લાખ કરોડ રહ્યું છે. આ રકમ ગત વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકની સરખામણીએ ૨૭ ટકા ઓછી છે અને જૂન ૨૦૨૬ના ત્રિમાસિકની તુલનાએ ૪૭ ટકા ઓછી છે. અર્થાત, સરકાર તરફથી નવા રોડ, બ્રિજ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટોની જાહેરાતની ગતિ અગાઉના ત્રિમાસિક કરતા નોંધપાત્ર રીતે ધીમી પડી છે.

ખાનગી ક્ષેત્રે સપ્ટેમ્બર ૨૦૨૬ના ત્રિમાસિકમાં નવા પ્રોજેક્ટો માટે આશરે રૂ.૮.૮ લાખ કરોડની જાહેરાત થઈ હતી. જેમાં વાર્ષિક ધોરણે બે ટકાનો ઘટાડો અને જૂન ત્રિમાસિકની તુલનાએ ૪૯ ટકાનો ઘટાડો થયો છે. જો કે, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ છમાસિકના આંકડા હજુ પણ ગત વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ ઊંચા છે. તેનું મુખ્ય કારણ જૂન ત્રિમાસિકમાં થયેલી લગભગ રૂ.૨૦ લાખ કરોડની મોટી નવી રોકાણ જાહેરાતો છે.સપ્ટેમ્બર ત્રિમાસિકમાં મેન્યુફેકચરીંગ ક્ષેત્રની નવી પ્રોજેક્ટ જાહેરાતોમાં વાર્ષિક ધોરણે ૩૨ ટકાનો ઘટાડો થયો છે. આ ઉપરાંત કન્સ્ટ્રકશન અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ૨૧ ટકાથી વધુ ઘટાડો જોવા મળ્યો છે.

ચોમાસાની ખેંચ વચ્ચે પશુપાલકો પર આભ તૂટ્યું, લીલા-સૂકા ઘાસચારાના ભાવ વધ્યા, માલધારી હિજરત કરવા મજબૂર



ગુજરાતમાં વરસાદની અછતને કારણે પશુપાલકોની હાલત કફોડી બની છે. બનાસકાંઠા, સૌરાષ્ટ્ર અને કચ્છ જેવા વિસ્તારોમાં ઘાસચારાની ભારે તંગી સર્જાઈ છે, જેના ભાવ ૨-૩ ગણા વધ્યા છે. લીલી જુવાર ?૬૦-૬૫ થી ?૧૫૦ અને સૂકું ઘાસ ?૫૦૦ થી ?૭૦૦-૭૫૦ પ્રતિ મણ થયું છે. પશુઓ માટે ચારો મોંઘો બનતા માલધારીઓ સામૂહિક સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે. દૂધ ઉત્પાદન ઘટતા ડેરી ઉદ્યોગ પર અસર થઈ છે, અને દૂધના ભાવ વધવાની શક્યતા છે.ચાલુ વર્ષે વરસાદની ભારે અછતને કારણે ગ્રામીણ અર્થતંત્રના કરોડરજ્જુ સમાન પશુપાલન વ્યવસાય પર સંકટ આવી પડ્યું છે. વરસાદના અભાવે સીમમાં ઘાસચારો ઉગ્યો નથી પરિણામે લીલા અને સૂકા ઘાસચારાની ભારે તંગી સર્જાઈ છે. અછતને લીધે ઘાસચારાના ભાવમાં બે ગણાથી ત્રણ ગણો તોતિંગ વધારો ઝીંકાયો છે. પરિણામે માલધારીઓ માટે દૂધાળા પશુઓનું પાલન કરવું આર્થિક રીતે મુશ્કેલ બન્યું છે. આ જોતાં પશુઓ સાથે સામૂહિક સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે.પશુઓ માટે અત્યાર સુધી સસ્તો અને પૌષ્ટિક ગણાતો લીલો ચારો હવે મોંઘા ભાવે વેચાઈ રહ્યો છે. અત્યાર સુધી પશુપાલકો લીલી શેરડી ૬૦ થી ૬૫ રૂપિયા પ્રતિ મણ ખરીદતાં હતાં. હવે તેનો ભાવ અત્યારે ૧૫૦ રૂપિયા પર પહોંચી ગયો છે. પશુઓના પ્રિય ખોરાક ગણાતી લીલી જુવારનો ભાવ ૬૦-૭૦ રૂપિયાથી વધીને ૧૫૦થી ૧૭૫ રૂપિયા થઈ ગયો છે.

દ્વારકા સહિત સૌરાષ્ટ્ર અને કચ્છમાં તો ઊંચી કિંમત ચૂકવવા છતાં પશુપાલકોને પૂરતો ચારો મળી રહ્યો નથી. માત્ર લીલો જ નહીં, સૂકો ઘાસચારો પણ મોંઘો થયો છે. અગાઉ ૫૦૦ રૂપિયાથી ૬૦૦ રૂપિયા પ્રતિ મણ મળતું સૂકું ઘાસ હવે ૭૦૦-૭૫૦ રૂપિયાના ભાવે વેચાઈ રહ્યું છે. એક તરફ ઘાસચારો અને પશુદાણના ભાવ સતત વધી રહ્યા છે, જ્યારે બીજી તરફ દૂધના ખરીદ ભાવમાં તે પ્રમાણમાં વધારો ન થતાં માલધારીઓ દેવાના ડુંગર નીચે દબાઈ રહ્યા છે. પશુઓને પૂરતો ચારો ન મળવાને કારણે દૂધના ઉત્પાદનમાં પણ ઘટાડો નોંધાઈ રહ્યો છે, જેની સીધી અસર આગામી દિવસોમાં ડેરી ઉદ્યોગ પડી શકે છે. જો આ પરિસ્થિતિ રહી તો, દૂધના ભાવમાં પણ વધારો થાય તો નવાઈ નહીં.

સ્થાનિક માલધારીઓએ વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, રોજનું હજાર રૂપિયાનું ઘાસ પશુઓને ખવડાવવું ગજા બહારની વાત છે. આ પરિસ્થિતિમાં વતન છોડી જ્યાં ઘાસ અને પાણી મળી રહે તેવા અન્ય જિલ્લાઓ તરફ સ્થળાંતર કરવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. આ પરિસ્થિતિને જોતા માલધારી સંગઠનોએ સરકાર સમક્ષ અછતગ્રસ્ત વિસ્તારોમાં તાકીદે ઘાસચારો ડેપો શરૂ કરવા અને પશુ દીઠ આર્થિક સહાય ચૂકવવા માંગ કરી છે.

જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ CJP નો હવે શું છે પ્લાન? દેશભરમાં નહીં પણ સીધા મુંબઈથી દિલ્હીમાં ધામા નાખશે 'કોકરોચ'

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે, કોકરોચ જનતા પાર્ટી (ઝત્ઁ) દ્વારા ૧૦ ઓક્ટોબરે દિલ્હીના જંતર-મંતર પર ધરણાં યોજાશે. મુંબઈથી સીધા દિલ્હી કૂચ કરવાનો નિર્ણય લેવાયો છે. ઝત્ઁએ જણાવ્યું કે, જો પોલીસ રોકશે તો તે સ્થાન જ જંતર-મંતર બનશે. લાખો મતદારોના નામ દૂર કરવાના મુદ્દે લોકશાહી બચાવવા આંદોલન થશે.મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને કોકરોચ જનતા પાર્ટી (ઝત્ઁ) દ્વારા અગાઉ દેશભરમાં અલગ-અલગ શહેરોમાં આંદોલન ચલાવવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ હવે તેમાં મોટો ફેરફાર કરીને મુંબઈથી સીધા દિલ્હી જવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઝત્ઁ દ્વારા આગામી ૧૦ ઓક્ટોબરે દિલ્હીના જંતર-મંતર પર એકત્ર થવાની અપીલ





કરવામાં આવી છે.આંદોલનની રણનીતિમાં ફેરફાર અને ૧૦ ઓક્ટોબરે જંતર-મંતર પર દેખાવો મુંબઈના શિવાજી પાર્કમાં પ્રદર્શન કર્યા બાદ ઝત્ઁએ સીધા દિલ્હી કૂચ કરવાનું એલાન કર્યું છે. પહેલાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે દિલ્હી જતા પહેલા દેશના અન્ય શહેરોમાં પ્રદર્શન કરવામાં આવશે, પરંતુ નેશનલ વર્કિંગ કમિટીની બેઠકમાં આ યોજના બદલી નાખવામાં આવી. અભિજિત દીપકેએ સ્પષ્ટ કર્યું છે કે જો જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે તો દેશભરના કોકરોચ દિલ્હી આવશે અને ૧૦ ઓક્ટોબરે જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરશે. આંદોલનના સહ સંયોજક આશુતોષ રાંકાએ જણાવ્યું કે આ નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો છે અને આ શાંતિપૂર્ણ આંદોલન મહાત્મા ગાંધીના માર્ગ પર ચાલશે.'જ્યાં રોકવામાં આવશે, તે જ સ્થાન જંતર-મંતર બની જશે 'દિલ્હી પોલીસ દ્વારા જંતર-મંતર પર ધરણા-પ્રદર્શન પર પ્રતિબંધ હોવાની કે અગાઉ લોકોને કસ્ટડીમાં લેવાની શંકાઓને ધ્યાનમાં રાખીને ઝત્ઁએ આક્રમક વલણ અપનાવ્યું છે. સંગઠને જાહેરાત કરી છે કે જો પોલીસ અમને રોકશે, તો જે સ્થાને રોકવામાં આવશે તે જ સ્થળ 'જંતર-મંતર' બની જશે. સહ સંયોજક સૌરભ દાસે જણાવ્યું હતું કે જંતર-મંતર એ અસહમતિનું પ્રતીક છે અને જો પોલીસ તેને રોકવાનો પ્રયાસ કરશે તો લોકો જ્યાં ભેગા થશે અને જવાબદારી માંગશે તે દરેક સ્થળ જંતર-મંતર જ કહેવાશે.ચૂંટણી પંચ અને લોકશાહી સામે ગંભીર આરોપોઝત્ઁના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે દેશનો આ એક અત્યંત મહત્ત્વનો સમય છે અને ચૂંટણી પંચ લોકશાહીને નષ્ટ કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. લાખો ભારતીયો કે જેના નામ વોટર લિસ્ટમાંથી હટાવી દેવામાં આવ્યા છે, તેમને ન્યાય અપાવવા માટે ૧૦ ઓક્ટોબરે શાંતિપૂર્વક એકત્ર થઈને લોકશાહી પાછી મેળવવાની લડત ચલાવવામાં આવશે તેમ સંગઠને જણાવ્યું છે.

પહાડો બોલાવે છે, ટ્રાફિક રડાવે છે: ઉત્તરાખંડના મસૂરી-કેંચી ધામથી લઈને હિમાચલના મનાલી સુધી પ્રવાસીઓનું ઘોડાપૂર, કલાકો સુધી ફસાયા વાહનો

૨ ઓક્ટોબરની રજા અને લોંગ વીકેન્ડમાં ઉત્તરાખંડ-હિમાચલના પ્રવાસન સ્થળોએ સહેલાણીઓનો ધસારો જોવા મળ્યો. મનાલીમાં ૨ દિવસમાં ૪૦૦૦થી વધુ વાહનો પ્રવેશતા ટ્રાફિક જામ થયો. મસૂરી-દહેરાદૂન હાઈવે, કેંચી ધામ અને ઋષિકેશમાં પણ ભારે ભીડથી વાહનવ્યવહાર ખોરવાયો. હોટેલો ૮૦% ભરાઈ ગઈ હતી, પણ પ્રવાસીઓ કલાકો સુધી રસ્તામાં ફસાયા.પહાડો બોલાવે છે, ટ્રાફિક રડાવે છે: ઉત્તરાખંડના મસૂરી-કેંચી ધામથી લઈને હિમાચલના મનાલી સુધી પ્રવાસીઓનું ઘોડાપૂર, કલાકો સુધી ફસાયા વાહનોઓક્ટોબરની રજા અને લોંગ વીકેન્ડના સંયોગથી પહાડી રાજ્યો ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના પ્રવાસન સ્થળો પર સહેલાણીઓનો જબરદસ્ત ધસારો જોવા મળ્યો છે. હવામાન ખુશનુમા બનતાં જ હજારો પ્રવાસીઓ પહાડો તરફ વળ્યા છે, જેના કારણે ટ્રાફિક અને વહીવટી વ્યવસ્થાઓ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે.મનાલીમાં ૨ દિવસમાં ૪૦૦૦થી વધુ વાહનોની એન્ટ્રી:



હોટેલો ૮૦% પેકએક અહેવાલ મુજબ, હિમાચલ પ્રદેશના પ્રખ્યાત હિલ સ્ટેશન મનાલીમાં પ્રવાસીઓનો મોટો ધસારો નોંધાયો છે:વાહનોની ભારે આવક: છેલ્લા બે દિવસમાં ગ્રીન ટેક્સ બેરિયર થઈને ૪૦૦૦થી વધુ પર્યટક વાહનો મનાલી શહેરમાં પ્રવેશ્યા છે.ટ્રાફિક જામની સ્થિતિ: મોહલ, ભૂંતર, રામશિલા, બાહંગ અને મનાલીના મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. ગ્રીન ટેક્સ બેરિયર આલુ ગ્રાઉન્ડથી વોલ્વો બસ સ્ટેન્ડ સુધી વાહનો ધીમી ગતિએ રિંગાઈ રહ્યા છે.હોટેલ વ્યવસાયમાં તેજી: વીકેન્ડને પગલે મનાલી અને આસપાસના વિસ્તારોમાં હોટેલ ઓક્યુપન્સી ૭૦થી ૮૦ ટકા સુધી પહોંચી ગઈ છે, જેનાથી સ્થાનિક વેપારીઓ અને હોટેલિયર્સમાં ખુશીનો માહોલ છે.પ્રવાસન સ્થળો પર ભીડ: અટલ ટનલ રોહતાંગ, સોલંગનાલા, ગુલાબા, મઢી, સિસુ અને હિડિમ્બા મંદિર જેવા મુખ્ય આકર્ષણો પર હજારો સહેલાણીઓ પહોંચી રહ્યા છે.સાંકડા રસ્તા અને પાર્કિંગ સમસ્યા: રસ્તા પર આડેધડ પાર્કિંગને કારણે માર્ગો વધુ સાંકડા બન્યા હતા. પોલીસની વન-વે વ્યવસ્થા અને ડાયવર્ઝન પ્લાન વાહનોના ભારે દબાણ સામે ટૂંકા પડ્યા હતા.કાયમી વ્યવસ્થાની માંગ: પીક સીઝન અને રજાઓમાં વારંવાર સર્જાતી આ સમસ્યાના કાયમી ઉકેલ માટે દીર્ઘકાલીન ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવાની માંગ સ્થાનિકો કરી રહ્યા છે.મસૂરીમાં મંત્રી અને એમ્બ્યુલન્સ ફસાયા: માલ રોડના ભગત સિંહ ચોક, લાઈબ્રેરી ચોક અને કિંગ્રેગમાં વાહનોના પૈડાં થંભી ગયાં હતાં. ભગત સિંહ ચોક પાસે એક ગંભીર એમ્બ્યુલન્સ સાથે કેબિનેટ મંત્રી ગણેશ જોશી પણ લાંબા સમય સુધી ટ્રાફિકમાં અટવાયા હતા.કેંચી ધામ માર્ગ પર ૩ કલાકથી વધુ સમય વાહનો અટક્યા: બાબા નીમ કરોલી મહારાજના કેંચી ધામ ખાતે દર્શનાર્થે પહોંચેલા ભક્તોના કારણે ભીમતાલથી કેંચી ધામ વચ્ચે વાહનો થંભી ગયાં હતાં, જેનાથી અલ્મોડા, પિથોરાગઢ, રાનીખેત, ધારચૂલા અને હલ્દ્વાની તરફ જતા મુસાફરો કલાકો સુધી ફસાયા હતા.ઋષિકેશમાં નેપાલીફાર્મથી નીરગઢ સુધી અઢી કલાક: ભારે ભીડને પહોંચી વળવા પોલીસે વાહનોને બ્રહ્મપુરીથી લક્ષ્મણઝૂલા થઈ પશુલોક બેરાજ તરફ વાળવા પડ્યા હતા.જ્યોતિર્મઠથી વિષ્ણુપ્રયાગ ૭ કિમી લાંબી લાઇન: બદરીનાથ ધામ અને હેમકુંડ સાહિબ યાત્રાના કારણે જ્યોતિર્મઠ-વિષ્ણુપ્રયાગ માર્ગ પર ૭ કિલોમીટર સુધી વાહનોની અનંત કતારો ખડકાઈ ગઈ હતી.

ઘાયલ હતો છતાં હનુમાન ચાલિસા કરતો રહ્યો અને ભગવાને સૌને બચાવ્યા : કેપ્ટન સ્મિત

વડાપ્રધાન મોદીએ ફૂલાયદુબઈના ઘાયલ ગુજરાતી પાયલટ સ્મિત મચ્છર સાથે વીડિયો કોલ પર વાત કરી. સ્મિતે જણાવ્યું કે, કો-પાયલટના હુમલાથી જીવ જોખમમાં હતો, પણ પ્રવાસીઓને બચાવવા હિંમત કરી કોકપીટનો દરવાજો ખોલ્યો. દુબઈથી તેલ અવીવ જતી ફ્લાઈટમાં આ ઘટના બની હતી. મોદીએ સ્મિતની બહાદુરીના વખાણ કર્યા, કહ્યું કે ૧૪૦ કરોડ ભારતીયોનું ગૌરવ વધાર્યું છેમારો જીવ જોખમમાં હતો, પણ પ્રવાસીઓને મરવા દેવા માગતો નહોતો, પાયલટ તરીકેના અનુભવથી હિંમત કરી દરવાજો ખોલવામાં સફળ થયો : સ્મિત મચ્છરનવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ફૂલાય દુબઈના ગુજરાતી પાયલટ કેપ્ટન સ્મિત મચ્છર સાથે વીડિયો કોલ પર વાત કરી હતી અને તેમના ખબર-અંતર પૂછ્યા હતા. આ સમયે કેપ્ટન સ્મિત મચ્છરે વડાપ્રધાનને કોકપીટમાં કો-પાયલટના હુમલા અંગે વિગતે વાત કરી હતી. કેપ્ટન સ્મિતે કહ્યું,





કો-પાયલટના હુમલા પછી મારો જીવ જોખમમાં હતો, પરંતુ હું પ્રવાસીઓને મરવા દેવા માગતો નહોતો. એટલે મેં હિંમત કરી અને કોકપીટનો દરવાજો ખોલી નાંખ્યો. ત્યાર પછી પ્રવાસીઓ અંદર દોડી આવ્યા અને હુમલાખોરને કાબુમાં લીધો હતો.દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટ એફઝેડ૦૧૭૩ના ઈજાગ્રસ્ત પાયલટ સ્મિત મચ્છરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે શુક્રવારે વીડિયોકોલ પર વાત કરતા હવામાં કો-પાલયટે હુમલો કર્યા પછી થયેલી આઘાતજનક ઘટનાનું વર્ણન કર્યું હતું.કેપ્ટન સ્મિતે કહ્યું કે, કોકપીટમાં હું ઘાયલ હાલતમાં પડયો હતો. હું મરણતોલ હાલતમાં હતો, પરંતુ હું પ્રવાસીઓને મરવા દેવા માગતો નહોતો. આ ખૂબ જ નાજૂક ક્ષણ હતી. તે સમયે હું કશું કરી શકું તેવી સ્થિતિમાં નહોતો. મને ખ્યાલ આવતો હતો કે વિમાન નીચેની તરફ જઈ રહ્યું છે. મારા પર અનેક વખત હુમલો થયો હતો અને ગંભીર ઈજાઓ થઈ હતી. આ સમયે મને વિચાર આવ્યો હતો કે જો હું ઊભો નહીં થઈ શકું તો વિમાનના બધા જ પ્રવાસીઓ માર્યા જઈ શકે છે.તેમણે ઉમેર્યું કે, હું ૧૭ વર્ષથી વિમાન ઉડાવું છું. હું ૧૧ વર્ષથી કેપ્ટન છું તેથી મારી આંખો બંધ હોવા છતાં હું જાણતો હતો કે વિમાનમાં શું થઈ રહ્યું છે. હું નીચે પડેલો હતો ત્યારે મને ખ્યાલ આવી ગયો હતો કે હું થોડીક હિંમત કરીશ તો કોકપીટનો દરવાજો ખોલી શકીશ. મને માર પડી રહ્યો હતો ત્યારે પણ મને એ જ વિચાર આવ્યો હતો કે મારે બસ દરવાજો ખોલવાનો છે. મેં હિંમત કરી ઊભા થઈને દરવાજો ખોલી નાંખ્યો. ત્યાર પછી બધા પ્રવાસીઓ અંદર આવી ગયા અને કો-પાયલટને કાબુમાં લીધો. બધાએ સમાન રીતે મહત્વની ભૂમિકા ભજવી હતી.વડાપ્રધાન મોદીએ હાલમાં યુએઈના અબુધાબીની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કેપ્ટન સ્મિત મચ્છરે દર્શાવેલી સૂજબૂઝ અને હિંમત પ્રશંસા કરી હતી. તમે ગણતરીની સેકન્ડમાં નિર્ણય લઈને સેંકડો પ્રવાસીઓના જીવ બચાવ્યા. તમારો જીવ જોખમમાં હતો તો પણ તમે પોતાની પીડાની અવગણના કરી અને લડયા તથા પ્રવાસીઓની સુરક્ષાની ચિંતા કરી. તમે ૧૪૦ કરોડ ભારતીયોનું ગૌરવ વધાર્યું છે. તમે બતાવ્યું છે કે ભારતીયો કોઈના જીવ નથી લેતા, બચાવે છે.

'સર' બાદની યાદીમાં સામેલ ના થઈ શકેલા મતદારોને અરજીની તક અપાશે

દેશભરમાં ચાલી રહેલી મતદાર વેરિફિકેશન પ્રક્રિયા (જીંઈ)માં ૧૩ કરોડ નામો બાદ કરાયાના અહેવાલ છે. ચૂંટણી પંચે દિલ્હી, મુંબઈમાં વિરોધ પ્રદર્શનો અને મનમાનીના આરોપો વચ્ચે, બાદ કરાયેલા મતદારોને ફરી તક આપી છે. હવે તેઓ ફોર્મ-૬ ભરીને નામ નોંધાવી શકશે. બૂથ લેવલ અધિકારીઓ ઘરે જઈને મદદ કરશે.'સર' બાદની યાદીમાં સામેલ ના થઈ શકેલા મતદારોને અરજીની તક અપાશેફોર્મ-છ ભરીને અરજી કરી શકાશે, બૂથ લેવલ અધિકારી મદદ કરશેજુની અને નવી યાદીની સરખામણી કરાશે, બાદબાકી કરાયેલાની સાથે નવા મતદારો પણ નામ નોંધાવી શકાશે'સર'ના ડ્રાફ્ટ રોલ્સમાંથી ૧૩ કરોડ નામો બાદ કરાયાનો અહેવાલમાં દાવોનવી દિલ્હી : દેશભરમાં એસઆઈઆર એટલે કે મતદારોના વેરિફિકેશનની



પ્રક્રિયા ચાલી રહી છે. અત્યાર સુધી જે પણ રાજ્યોમાં એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે ત્યાં બાદબાકી કરાયેલા મતદારોને ફરી અરજી કરવાની છૂટ અપાઈ છે. જુનાની સાથે નવા મતદારો પણ પોતાનું નામ યાદી સામેલ કરાવી શકે તે માટે ચૂંટણી પંચ દ્વારા પ્રક્રિયા શરૂ કરાઈ છે. અત્યાર સુધી એસઆઈઆરના ડ્રાફ્ટમાં આશરે ૧૩ કરોડ મતદારોની બાદબાકી કરાયાના અહેવાલો સામે આવ્યા છે.બીજી ઓક્ટોબરે ગાંધી જયંતિએ દિલ્હી, મુંબઈમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે દેખાવો થયા હતા, વિપક્ષ પણ એસઆઈઆર પ્રક્રિયામાં મનમાનીથી નિર્ણયો અને મત ચોરીના આરોપો લગાવીને જ્ઞાનેશ કુમારને ઘેરી રહ્યો છે. એવા સમયે ચૂંટણી પંચે જે મતદારો એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન યાદીમાંથી બહાર થઈ ગયા છે તેમને ફરી તક આપવાની જાહેરાત કરી છે.ચૂંટણી પંચના નવા આદેશ મુજબ જે પણ રાજ્યોમાં એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે ત્યાં નાગરિકો સામાન્યફોર્મ-૬ દ્વારા અરજી કરી શકશે. ચૂંટણી પંચે અધિકારીઓને કહ્યું છે કે તેઓ એવા માન્ય મતદારોની ઓળખ કરે કે જેમના નામ કોઇ કારણોસર મતદાર યાદીમાં સામેલ નથી કરી શકાયા. એસઆઈઆર પહેલા અને પછીની મતદાર યાદીની સરખામણી કરવામાં આવશે. આ દરમિયાન એવા મતદારોની ઓળખ કરવામાં આવશે કે જેઓના નામ યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. આવા મતદારોની ઓળખ થઈ ગયા બાદ બૂથ લેવલ અધિકારીઓને તેમના ઘરે જઈને ફોર્મ-૬ ભરીને મતદાર યાદીમાં ફરી નામ જોડવામાં મદદરૂપ થવા પણ કહેવામાં આવ્યું છે.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOGSS NO: 372
વિષય : સર્જકની મનગમતી રચના.
શીર્ષક : ગુજરાતના ગૌરવપુત્ર કેપ્ટન સ્મિત મચ્છર
પ્રકાર : ગદ્ય (લેખ)શબ્દો :૩૪૩
કેપ્ટનની જિંદગીમાં ફરજ દરમિયાન ક્યારેક આકસ્મિક કટોકટી ઊભી થાય છે, ત્યારે તેમની હિંમતની કસોટી થાય છે. મુંબઈમાં જન્મેલા અને ઉછરેલા, પરંતુ મૂળ ગુજરાતના વઢવાણના વતની અને સાવરકુંડલા સાથે પારિવારિક સંબંધો ધરાવતા પનોતા પુત્ર સ્મિત મચ્છરના ધૈર્ય અને સમયસૂચકતાએ આજે ૧૭૪થી વધુ જિંદગીઓ બચાવી લીધી છે.

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ દુબઈથી તેલ અવીવ જતી ફ્લાઈદુબઈની ફ્લાઈટ ૬૬૧૦૭૩ની ઉડાન દરમિયાન સહ-પાયલોટે કેપ્ટન સ્મિત મચ્છર પર છરી જેવા ધારદાર હથિયાર વડે હુમલો કર્યો. ગંભીર રીતે ઘાયલ થયેલા કેપ્ટન મચ્છર આમ છતાં સ્વસ્થ રહ્યા. આ દરમિયાન વિમાન માત્ર ૨૯ સેકન્ડમાં લગભગ ૧૪,૧૨૫ ફૂટ નીચે ધસી આવ્યું. આ પરિસ્થિતિમાં અનેક જિંદગીઓ સામે જોખમ ઊભું થયું હતું.

ઘાયલ કેપ્ટન મચ્છરે લોહીલુહાણ હાલતમાં હિંમત દાખવીને કોકપિટનો દરવાજો ખોલી દીધો. આ નિર્ણાયક પળને કારણે મુસાફરો અને ક્રૂ સભ્યો કોકપિટમાં પહોંચી શક્યા. મુસાફરોમાં રહેલા ઈઝરાયેલી દંતચિકિત્સક ડૉ. શોતા મુસાએવે ગંભીર રીતે ઘાયલ કેપ્ટનને પ્રાથમિક સારવાર આપી અને તેમનો રક્તસ્રાવ રોકવાનો પ્રયાસ કર્યો. આસફ રેડજવાન, ત્ઝવિકા માન્સ, યાનિવ હાયોન સહિતના મુસાફરો પણ સંકટની ઘડીમાં જોખમની પરવા કર્યા વિના મદદ માટે આગળ આવ્યા અને હુમલાખોરને કાબૂમાં લઈ લીધો. મુસાફર યાનિવ હાયોને આ સંકટની ઘડીએ કોકપિટમાં પ્રવેશીને વિમાનને સ્થિર કરવામાં મદદ કરી. આ દરમિયાન વિમાનમાં મુસાફર તરીકે હાજર ફ્લાઈદુબઈના બે ઑફ-ડ્યૂટી પાયલોટ્સે નિયંત્રણ સંભાળ્યું અને વિમાનને સાઉદી અરેબિયાના તબુક ખાતે સુરક્ષિત રીતે ઉતારવામાં મહત્વની ભૂમિકા ભજવી.

પોતે લોહીલુહાણ હોવા છતાં ફરજને પ્રાથમિકતા આપનાર સ્મિત મચ્છર દુનિયાભરની નજરમાં રિયલ હીરો સાબિત થયા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સહિત અનેક નેતાઓએ તેમની હિંમતની જાહેર પ્રશંસા કરી છે. સ્મિત મચ્છરની બહાદુરીને બિરદાવતાં ગુજરાત સરકારે તેમને વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડથી સન્માનિત કરવાની જાહેરાત કરી છે. આ એક પાયલોટના કર્તવ્યનું સન્માન છે.

ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ જાહેરમાં કહ્યું હતું કે સહ-પાયલોટે કેપ્ટન પર હુમલો કરીને વિમાનને કેશ કરવાનો પ્રયાસ કર્યો હતો. અનેક આંતરરાષ્ટ્રીય અહેવાલોએ પણ આ રીતે ઘટનાનું વર્ણન કર્યું છે, પરંતુ ફ્લાઈદુબઈના સત્તાવાર નિવેદનમાં માત્ર કોકપિટમાં સંઘર્ષ થયાની પુષ્ટિ કરવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે ઘટનાના કારણો અને હેતુઓ સત્તાવાર તપાસમાં નક્કી થશે.

અહેવાલો અનુસાર કેપ્ટન મચ્છરને તબુકમાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું જણાવાયું છે. કેપ્ટન સ્મિત મચ્છરના ઝડપી અને સંપૂર્ણ સ્વાસ્થ્યની પ્રભુ પ્રાર્થના!

સંજય બી. મહેતા. (અમદાવાદ)
★★★★★★★
NOG SS NO:182
વિષય: સર્જકની મનગમતી રચના
પ્રકાર:પદ્ય (ગઝલ) શબ્દો: ૬૮

શીર્ષક: દરિયો ભરીને

વેદના વહેતી રહે છે, આંખમાં દરિયો ભરીને,
રેત ભીની થઈ, વફાની રાખમાં દરિયો ભરીને.

ઓટ રોકે, વહેણ ટોકે , ચાંદ છે સામે કિનારે,
જો, ઉછળતી જાય ભરતી, કાખમાં દરિયો ભરીને.

જળવચાળે તરતી-ડૂબતી છીપ થઈ તરસે પ્રતીક્ષા,
આશ લેશે જળસમાધિ, સાખમાં દરિયો ભરીને.

પ્રેમથી પ્યારી કરી છે, માછલીઘરની સીમાઓ,
મીન પણ ઉડી શકે છે, પાંખમાં દરિયો ભરીને.

જીંદગી પણ પાંખડી માટે તરસતી જીંદગીભર,
પુષ્પવર્ષા થઈ, મરણની શાખમાં, દરિયો ભરીને.

ઈશ્વરી ડૉક્ટર " ઈશ" (અમદાવાદ)
★★★★★★★
NOG SS NO : 408
વિષય : સર્જકની મનગમતી રચના
શીર્ષક : :::- મારે કવિ તો નથી થાવું -::: શબ્દો : ૧૦૪
કૃતિ : પદ્ય

મારે કવિ તો નથી થાવું,
હૃદયની ઊર્મિ વહેંડાવું.

ડુબાડે સાગર વહાણના - વહાણ,
ઝરણું બની ખળખળ ગીત ગાવું.
મારે કવિ તો નથી થાવું,
હૃદયની ઊર્મિ વહેંડાવું.

ગડગડાટ કરે છે પે'લાં વાદળો,
ફક્ત વીજ તણો ચમકારો થાવું.
મારે કવિ તો નથી થાવું,
હૃદયની ઊર્મિ વહેંડાવું.

ના મારે કીર્તિના શિખરો ચડવાં,
બસ સત્યના રસ્તે ચાલતા જાવું.
મારે કવિ તો નથી થાવું,
હૃદયની ઊર્મિ વહેંડાવું.

કોઈના દુ:ખમાં બે આંસુ બનીને,
એમનાં હૈયામાં સ્થાન પામવું.
મારે કવિ તો નથી થાવું,
હૃદયની ઊર્મિ વહેંડાવું.

"નવીન" ભલે દુનિયા કહે ગાંડો,
મારે તો ખુદમાં જ મસ્ત રહેવું.
મારે કવિ તો નથી થાવું,
બસ હૃદયની ઊર્મિ વહેંડાવું.

અરજણભાઈ એસ. પરમાર "નવીન" કોડવાવ (જૂનાગઢ)
★★★★★★★
NOG SS NO : 169
વિષય : મનપસંદ રચના
શીર્ષક : શક્તિનો ભંડાર છું
પ્રકાર : અછાંદસ
શબ્દો : ૬૯

ગીતા પણ હું, ને સરિતા પણ હું,
વિશ્વ તણી શક્તિનો ભંડાર છું.

સતી સીતા, શબરી ને મીરા છું,
દેવોને ઘોડિયામાં ઝૂલાવનાર છું

આપત્તિઓમાં લડનાર રણચંડી છું,
જીવન રંગમંચ ગજવનાર નારી છું.

પ્રકૃતિની કન્યા ને ધાત્રીમાતા પણ હું,
અગ્નિપથ જીવનપથમાં ઝઝૂમનાર છું.

ચંડીચામુંડા ને દેવી અંબિકા પણ હું.
જંગે ચઢનાર વીરાંગના લક્ષ્મીબાઈ છું.

લતાબેન ચૌહાણ 'સોનાવેલ' (ગોધરા)
★★★★★★★
NOGSS NO:205
વિષય : સર્જકની મનગમતી રચના.
શીર્ષક : વાસના નો ભુખ્યો વરૂ
પ્રકાર:પદ્ય શબ્દો:૩૦૦

★હે નરાધમ! તારી નરાધમતા પર હસે છે આ માનવતા...
કુમળી કળીઓને પીંખીને તું કેવો પુરુષાર્થ માને છે?
જેના હાસ્યમાં ઈશ્વર વસે, એને તું વાસનાનું સાધન માને છે?
અરે ઓ નરભક્ષી! તારા આ પાશવી કૃત્યો જોઈને,
જંગલના પશુઓ પણ આજે માણસાઈ પર હસે છે.
તારી નજરમાં જો દયાનો એક છાંટો પણ નથી રહ્યો,
તો તને જનેતાએ આપેલો અવતાર પણ ધિક્કાર માગે છે.
મીણબત્તીઓ પ્રગટાવીને બેસી જશે આ આખો સમાજ,
બે દિવસનો વિરોધ કરીને પાછો ખોવાઈ જશે આ સમાજ.
કાયદાના કાગળોમાં તારી સજા તારવા બેસશે ન્યાય,
ને એક નાનકડી માસુમની કાયા ત્યાં રાખ થઈ જશે.
કહે કવિ ★'પથિક'★ આંધળા તંત્ર અને નરાધમ માનસિકતાને:
જો દીકરી સુરક્ષિત નથી, તો શાના તમે કરો છો વિકાસના દાવા?
જે ધરા પર નાની બાળાઓનો ચીસવાનો અવાજ ગૂંજે,
ત્યાં ધર્મ અને સંસ્કારના નારા ફક્ત ને ફક્ત એક સડો લાગે છે!
★(કવિ: પથિક - વિજયસિંહ બાબુભા ઝાલા, ઢવાણા - હળવદ)★
★★★★★★★
NOG SS No.417
વિષય: મન ગમતી રચના.
પ્રકાર: પદ્ય.
શીર્ષક: મેં બદલો લઈ લીધો છે..
શબ્દો: ૨૩૦

મેં બદલો લઈ લીધો છે.
કાકા બાપાના દિકરા-દીકરી એટલે કે ભાઈ બહેનને પ્રેમ થઈ ગયો.. સ્કૂલમાંને ઘરે અભ્યાસના બહાને મળતાને બધી મર્યાદાઓ ઓળંગી ગયા. કાકા- બાપાના દીકરા દીકરી હોવાથી સમાજમાં કોઈને પણ શંકા જતી નહોતી. પણ તેના સગા ભાઈને ખબર પડતાં તેણે એક રાત્રે બન્નેને જાતે પકડ્યા. બદનામીના ડરથી એક રાત્રે ભાઈએ મિત્રને સાથે રાખી ઘરમાં જ ગળુ દબાવી બહેનને મારી નાખી અને રકોઈને ખબર ના પડે એમ લાશને રાત્રે જ કોથળામાં ભરી ગામના તળાવમાં નાખી આવ્યા .. ને સવારે બહેન ગુમ ગઈ છે એવી જાતે જ વાત ફેલાવી.. સવારે વાસણ માંજવા ગયેલ ગામની સ્ત્રીઓએ તળાવમાં લાશ જોઈ. વાતે વાત ગામમાં ફેલાઈ. આખુ ગામ ઉમટી પડ્યું. જે બહેનની લાશ હતી તેનો ભાઈ,પોલીસ અને ગામના આગેવાનો આવી ચઢ્યા. બધાને આ છોકરીની ચાલ- ચલગતની ખબર હતી તેથી બધાએ આખો કેસ દબાવી દઈ લાશનો અગ્નિ સંસ્કાર વિધિ પતાવી દીધો..

આશરે એક બે માસ પછી તે ભાઈના પડોશમાં રહેતી એક વહુને ભૂત વળગ્યું.. ભૂવાઓ આવ્યાને તે ભૂત ધૂણવા લાગ્યુંને બોલ્યું કે "હું ચંદ્રિકા છું.મને મારા ભાઈએ
આભાર - નિહારીકા રવિયા મારી નાખી છે ને હું તેને નહીં છોડું.

એક દિવસની વાત છે . બહેનને મારી નાખનાર ભાઈ પોતાની કારમાં બેસીને ઘરે પરત ફરી રહ્યો હતો. તેની કાર રોડની સાઈડમાં ઉભેલી ટ્રકમાં ઘૂસી ગઈને અકસ્માતમાં તે મૃત્યુ પામ્યો.. ભાઈ મરી ગયોને થોડા દિવસ પછી ફરી તે ભૂત પડોશીની તે જ વહુને વળગ્યુ ને બોલ્યું કે.."મને મારા ભાઈએ મારી નાખી હતી મેં તેને મારી નાખી મારો બદલો લઈ લીધો છે.

લેખક: નરેન્દ્ર એ. પટેલ. તલ્લાહાસી. ફ્લોરીડા અમેરિકા
★★★★★★
NOG SS NO-402
વિષય- મનગમતી રચના
પ્રકાર : પદ્ય
શીર્ષક :અંતરનું અંતર"

મરજાદ મોટાની ક્યાંય સચવાતી નથી.
ઘરની ગરિમા હવે ક્યાંય જળવાતી નથી.

પોતાની જ મસ્તીમાં છે આજની પેઢી.
વડીલોની વાત હવે ગાંઠે બંધાતી નથી.

મિત્રોની સોબતમાં હવે જામે છે રંગત.
સબંધોની સુવાસ ક્યાંય ફેલાતી નથી.

ફેસબુક ટ્વિટર ને ઈન્સ્ટામાં અટવાયા.
માં બાપ પ્રત્યે લાગણી હવે ઉભરાતી નથી.

હોટલની જેમ હવે બસ ઘરમાં રહેવાનું.
સુખ દુ:ખની વાત ક્યાંય સંભળાતી નથી.

દોષ એકલો કયાં છે આ યુવા પેઢીનો.
વડીલોમાં પણ હવે વડવાઈ દેખાતી નથી.

સંઘર્ષ છે આ બે પેઢી વચ્ચે સમજણનો.
સાથે બેસી અંતરનું અંતર ઘટાડતી નથી.

- શૈલેષ ભોઈ (કોઠંબા-લુણાવાડા)

હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે

નિત્ય સેવા નિત્ય કિર્તન ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે; ભૂતળ. હિસાબ આવે ત્યાં પ્રેમ જતો રહે છે.ભગવાન પાસે માંગો તે મળશે પણ ભગવાન જશે.એક નાનું સત્ય આપણા વ્યવહાર માં પણ છે - એક મિત્ર બીજા મિત્ર પાસે ન માગે ત્યાં સુધી બે વચ્ચે પ્રેમ રહે છે. જે દિવસે માગણી આવી એ દિવસે મૈત્રીનું ગૌરવ ઘટે છે.તો પછી ભગવાન સાથેના સંબંધનું શું?ભગવાન પાસે જેટલું માગશો તેટલું તે આપશે પણ પ્રભુ પાસે માગશો, તો પ્રેમ ઓછો થશે.માગવાથી વસ્તુ મળશે, આપવાવાળો જશે.

સાચો ભક્ત કહે છે, પ્રભુએ મને ઘણું આપ્યું છે. ઠાકોરજીએ ઓછું આપ્યું હોય તો એમ માનવું કે મારા ઠાકોરજી તો પરિપૂર્ણ છે, પણ મારી લાયકાત નથી એટલે ઓછું આપ્યું છે.આ ભાવ આવે તેનું નામ નિષ્કામ ભક્તિ. ચાલો, આ જ ભાવને ચાર અમર દ્રષ્ટાંતોથી સમજીએ.મુક્તિ એ દાસી છે, મારે તો મારો માલિક જોઈએ છે વૈષ્ણવો મુક્તિ ની પણ અપેક્ષા કરતા નથી. નરસિંહ મહેતા ગાય છે -હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમો જનમ અવતાર રે.કેમ?કારણ કે મુક્તિ કરતાં ભક્તિ માં અલૌકિક આનંદ છે. ભક્તિમાં જેને આનંદ મળે છે તેને મુક્તિનો આનંદ તુચ્છ લાગે છે. વૈષ્ણવો માને છે, મુક્તિ એ તો મારા ભગવાનની દાસી છે. મારે દાસીનું કામ નથી, મારે ભગવાનનું કામ છે. દાસી કરતાં મારા ભગવાન વધારે મોટા છે.

રામકૃષ્ણને ગળામાં કેન્સર થયું. અસહ્ય વેદના. ખાઈ ન શકે, બોલી ન શકે. શિષ્યો રડે. એક શિષ્યએ કહ્યું, બાબા, તમે તો કાલી માતાના લાડલા છો, માતાને કહોને કે રોગ મટાડી દે.માતા તો સર્વશક્તિમાન છેરામકૃષ્ણ હસ્યા અને કહ્યું,"જે જીભથી મેં આજીવન મારી માનું નામ લીધું, જે જીભથી મેં મા-મા કર્યું, તે જીભથી હું મારા આ તુચ્છ શરીર માટે મા પાસે ભીખ માગું? મારી મા ને હું મારા માટે તકલીફ નહીં આપું."

જુઓ,આ છે નિષ્કામતા. ભક્તિનો અર્થ એવો નથી કે પોતાના સુખ માટે ઠાકોરજીને પરિશ્રમ આપવો. સાચો ભક્ત પોતાના દુ:ખથી ભગવાનને પણ દુ:ખી કરવા માગતો નથી. તે કહે છે, મારું દુ:ખ એ મારા કર્મનું ફળ છે, હું ભોગવી લઈશ, પણ તારું સ્મરણ નહીં છોડું. સુદામા-દસ દિવસ ભૂખ્યો રહીને પણ ભગવાનને જમાડનાર મિત્ર માગવાથી સાચી મૈત્રીનું ગૌરવ ટકતું નથી. આનું સૌથી મોટું ઉદાહરણ સુદામા છે.

સુદામાની સ્થિતિ કેવી હતી? ઘરમાં દસ દિવસથી ચૂલો સળગ્યો નથી. છોકરાઓ ભૂખ્યા રડે છે. પત્ની સુશીલા કહે છે,"સાંદીપનિ આશ્રમ ના તમારા મિત્ર તો દ્વારિકાના નાથ બન્યા છે, તમે એક વાર જઈ આવો,કાંઈક માગી આવો."સુદામા ગયા.પણ કેવી રીતે?રસ્તામાં વિચાર્યું કે મિત્રને ત્યાં ખાલી હાથે કેમ જવાય? પત્નીએ ચાર ઘરેથી માગીને ચાર મુઠ્ઠી પૌંવા બાંધી આપ્યા હતા. એ જ એમનું સર્વસ્વ. દ્વારિકા પહોંચ્યા.સોનાની નગરી, હજારો દાસ-દાસીઓ.કૃષ્ણ સિંહાસન પરથી દોડ્યા અને સુદામાને ભેટી પડ્યા. રુક્મિણી ચામર ઢોળે છે. સુદામાના પગ ધોવાય છે.પણ સુદામાએ પોતાના દુ:ખની એક વાત પણ ન કરી. તેમને લાગ્યું કે,મારા દુ:ખની કથા સંભળાવીશ તો મારા પ્રભુને દુ:ખ થશે. મારા દુ:ખ માટે પ્રભુને શા સારું દુ:ખી કરું? અને પૌંવા આપતા તો શરમાય છે. છુપાવે છે.

કૃષ્ણએ ઝૂંટવી લીધા. કહ્યું, "અરે વાહ, મારી ભાભીએ મારા માટે આટલી સરસ ભેટ મોકલી છે!" એક મુઠ્ઠી ખાધી અને આખી ત્રિલોકીનું ઐશ્વર્ય આપી દીધું.

★સિદ્ધાંત અહીં છે ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે. જે ઈશ્વરને સર્વસ્વ આપશે તેને ઈશ્વરનું સર્વસ્વ મળશે. પૌંવાની કિંમત ન હતી, સુદામાના પ્રેમની કિંમત હતી. જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલીને મિત્ર બની જાય છે. ગોપીઓ - અમારો કનૈયો સુખી થતો હોય તો અમે નરકમાં જવા તૈયાર છીએ
ગોપીઓ આંખ શ્રીકૃષ્ણને આપે છે, મન શ્રીકૃષ્ણને આપે છે.ગોપીગીત માં તેઓ કહે છે કે અમે તમારી વગર વેતનની દાસીઓ છીએ.
પ્રેમની બે અંતિમ પરીક્ષાઓ મેળાપ વર્ષો પછી કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ અને ગોપીઓ મળે છે. ગોપીઓ શું માગે છે? કાંઈ નહીં. ફક્ત એટલું જ કહે છે કે, સંસારના કૂવામાં પડેલા તમારા ચરણનો આશરો લે તો તરી જાય છે, તેમ અમે ઘરમાં રહીએ તોયે અમારા મનમાં તમારા ચરણનું સ્મરણ રહો.અને એક ગોપી તો ઉદ્ધવને કહે છે, "ઉદ્ધવ, તું કોનો સંદેશો લઈને આવ્યો છે? કૃષ્ણનો?તે તો અહીં જ છે! કૃષ્ણ મથુરા ગયા જ નથી. મારા ઠાકોરજી હંમેશા મારી સાથે છે."

ગોપીઓનો પ્રેમ એવો છે કે ગોપી ઓ જ્યારે સ્મરણ કરે છે ત્યારે ઠાકોરજીને પ્રગટ થવું પડે છે. ગોપીઓની નિષ્કામ ભક્તિ ભગવાનને ખેંચી લાવે છે.

એક વખત કૃષ્ણએ બીમાર પડવાનું નાટક કર્યું. બધા ઉપચાર નિષ્ફળ. ત્યારે કૃષ્ણએ કહ્યું, "કોઈ સાચા વૈષ્ણવની ચરણરજ મારા માથે લગાડો તો હું સાજો થઈશ."
વાત પટરાણીઓ પાસે ગઈ. રુક્મિણી, સત્યભામા બધા ડરી ગયા. કહ્યું, "અરે, પતિને ચરણરજ આપીએ તો મહાપાપ લાગે, નરકમાં જવું પડે."
નારદજી વ્રજમાં ગયા. ગોપીઓને વાત કરી. ગોપીઓએ એક ક્ષણનો પણ વિચાર ન કર્યો. પોતાની ઓઢણી ફાડી, ધૂળમાં ઘસી અને ઢગલાબંધ ચરણરજ આપી દીધી. બોલી, "અમારો કનૈયો સાજો થતો હોય તો અમે અનંત કાળ સુધી નરક ભોગવવા તૈયાર છીએ. અમારે સ્વર્ગ નથી જોઈતું, કનૈયાનું સુખ જોઈએ છે."
આ છે પ્રેમનું લક્ષણ - બીજાના સુખે સુખી થવું.એક સખીએ ઉદ્ધવને કહ્યું, "ઉદ્ધવ, કૃષ્ણને કહેજે કે તે મથુરામાં સુખી હોય તો અમારા સુખ માટે વ્રજમાં આવવાનો પરિશ્રમ ન કરે. અમે રડીએ છીએ પણ જો તે ત્યાં સુખી છે તો ભલે ત્યાં સુખી રહે. અમારો પ્રેમ અમને સુખી કરવા માટે નથી, તેને સુખી કરવા માટે છે."
એક ગોપી તો મથુરા જવા નીકળી, પણ અડધે રસ્તેથી પાછી ફરી. વિચાર્યું, "હું ત્યાં જઈશ તો લોકો કહેશે કે ગામડાની ગોવાલણ આવી, મારા ઠાકોરજીને સંકોચ થશે. મારા દર્શનથી તેને તકલીફ થાય તેના કરતા હું અહીં રહીને વિયોગ સહન કરી લઈશ."આવો નિષ્કામ પ્રેમ જ ભગવાનને ઋણી બનાવે છે. તેથી તુકારામ કહે છે, ભલે મને ભોજન ન મળે પણ હે વિઠ્ઠલનાથ,એક ક્ષણ પણ મને તમારાથી અલગ ન કરશો.કોરો પત્ર ૧૪૦૦ વર્ષની તપસ્યા પણ મત્સર આગળ હારી ગઈ ભાગવત સર્વ માટે છે, વેદાંત સર્વ માટે નથી.પણ ભાગવત સાંભળ વાની એક શરત છે નિર્મત્સર થઈને સાંભળવી. મત્સર એ મોટામાં મોટો શત્રુ છે.

★ચાંગદેવે યોગબળથી ૧૪૦૦ વર્ષ આયુષ્ય વધાર્યું હતું. મૃત્યુને ૧૪ વખત પાછું ઠેલ્યું હતું. વાઘ ઉપર બેસીને ફરતા, સિદ્ધિઓના સ્વામી.
એક દિવસ તેમણે સાંભળ્યું કે આળંદીમાં સોળ વર્ષનો એક છોકરો જ્ઞાનેશ્વર જ્ઞાનેશ્વરી ગીતા લખે છે અને લોકો તેને અવતાર માને છે. ચાંગદેવને મત્સર થયો. "હું ૧૪૦૦ વર્ષનો યોગી અને આ ૧૬ વર્ષનો છોકરો જ્ઞાની?"તેમણે જ્ઞાનેશ્વરને પત્ર લખવા માંડ્યો. પણ શરૂઆતમાં જ અટકી ગયા.શું લખવું? જ્ઞાનેશ્વર નાનો એટલે 'ચિરંજીવ' લખું? પણ તે તો મહાજ્ઞાની છે. તો 'પૂજ્ય' લખું? પણ હું તો તેના કરતા ૧૪૦૦ વર્ષ મોટો!
અહંકારમાં ને અહંકારમાં તેમણે કોરો કાગળ જ મોકલી દીધો. જ્ઞાનેશ્વરે તે કોરા કાગળનો જવાબ ૬૫ ઓવીમાં આપ્યો, જે આજે 'ચાંગદેવ પાસષ્ટી' તરીકે પ્રસિદ્ધ છે. કોરા કાગળમાં જ્ઞાનેશ્વરે લખ્યું કે જેમ આકાશ કોરું છે, પણ બધું તેનામાં સમાયેલું છે, તેમ આત્મા પણ...આ કથા વાંચી ચાંગદેવનું અભિમાન ઓગળી ગયું. તેઓ જ્ઞાનેશ્વરના શિષ્ય બન્યા.માટે જ કહ્યું છે મત્સર હોય ત્યાં ભાગવત ન ટકે.જ્ઞાન વગરની ભક્તિ આંધળી છે અને ભક્તિ વગરનું જ્ઞાન પાંગળું છે. જ્યાં નિષ્કામ પ્રેમ છે, ત્યાં ભગવાન પોતે ઋણી બનીને રહે છે અને જ્યાં માગણી ખતમ થાય છે,
આભાર - નિહારીકા રવિયા ત્યાં જ સાચી ભક્તિ શરૂ થાય છે.
★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા.



પૂર્વ સીએમ,પૂર્વ કેન્દ્રીય મંત્રી,પૂર્વ પ્રદેશ ભાજપ પ્રમુખ,તેમજ દ્રઝઁ,કોંગ્રેસ માં આંટો મારી આવેલા ક્યાય મેળ પડ્યો નહીં અને પોતાની પાર્ટીઓ બનાવી છતાં જનતા એ સ્વીકર્યા નહીં.કહેવત છે કે × વાર્યો ના વળે તે હાર્યો વળે× સોળે શાન,વિશે વાન અને ૬૦ એ જાય તે કહેવત કદાચ શંકરસિંહ વાઘેલા સાચી ઠેરવતા જાય છે તેવું તેમના સાગબારા ખાતે ભાષણ ઉપર થી લાગ્યું...શંકરસિંહે બ્રાહ્મણ વાણીયા અને પટેલ જો મેલું ઉપાડે તો ૫૦૦૦૦ આપીશ આવા નિવેદન કરીને ઉજળીયાત સમાજને ઠેશ પહોંચાડી છે.. તેમણે તેમના સમાજના લોકો મેલુ ઉપાડવાનું કામ કરે તેવી સલાહ આપી હોય તો અન્ય સમાજો માં રોષ ફેલાયો ના હોય..એક તો ક્યાંય ઠેકાણું ન પડ્યું એટલે કોંગ્રેસ માં ઘર વાપસી કરવાનો વારો આવ્યો અને પાછા અન્ય સમાજ સમાજ ને મેલુ ઉપાડવાના પચાસ હજાર આપીશ તેવી બાલિશ સલાહ આપે છે? તેમની રાજકીય સફર ન વિશ્લેષણ માં ભાગલા પાડો અને રાજ કરો તે સિવાય કોઈ ઇતિહાસ તેમને રચ્યો નથી.સમાજવાદી અને બિહાર માં રાજકીય નેતાઓ ને મળ્યા પણ કાંઇ ઉકેલાઈ શક્ય નહીં.તેમને તેમનો સમાજ પૂર્ણ રીતે હજી સ્વીકારતો નથી અને એક પછી એક તેમના જ રાજવી સમાજ ના યુવાનો ને જુદી જુદી પાર્ટી બનાવી રાજકીય બલી ચઢાવી રહ્યા છે ને આવા બોગસ,માનસિકતા જાણે ગુમાવી બેઠા હોય તેવા નિવેદનો કરે છે? હજુ તો પાટીદાર સમાજ ના મોભી એ તેમના જન્મદિવસે તેમને તેમના સમાજ ના લોકો ભણે તે માટે પાટીદાર મુખ્ય ટ્રસ્ટી ગબજીભાઈ એ ૨૫ લાખ આપવાની જાહેરાત કરી છે..૫૧ રજવાડા વિશ્વ ઊમિયા ધામ દ્વારા પહેલા સન્માન યોજાયું હતું...તે સદ્ધર સમાજ ના લોકો ને મેલુ ઉપાડવાના ૫૦ હજાર આપવાની શંકરસિંહ વાત કરે તે કેટલું વ્યાજબી?આવા કહેવાતા ,નિષ્ફળ પીઢ રાજકીય નેતાના બ્રહ્મ વિરોધી નિવેદન થી બ્રહ્મ સમાજ પુષ્કળ રોષે ભરાયો છે..આ શંકરસિંહે જાહેર માં માફી માંગવી જોઈએ નહિતો આગામી દિવસોમાં કોંગ્રેસ ને પણ નુકશાન થાય તેવી ચર્ચા એ જોર પકડ્યું છે.... ભૂતકાળમાં પણ શંકરસિંહ વાઘેલા ૧૪ જેવા કોંગ્રેસનો ને તૈયાર કરીને ભાજપમાં મોકલવાના આક્ષેપ છે અને ભાજપની સત્તા બની હતી. શું આ વખતે પણ કોંગ્રેસમાં ફરી પાછો પ્રવેશ આના માટે તો નથી લીધો ને તેવું અત્યારે રાજકીય વર્તુળોમાં ચર્ચા છે જેથી હજુ શંકરસિંહ એ ખૂણામાં બેસી જવું જોઈએ અને મોટી ઉંમરે આવા માનસિકતા ગુમાવીને ખોટા સમાજલક્ષી નિવેદનો કરવા જોઈએ નહીં..પ્રદીપ રાવલ.બ્રહ્મ સમાજ મીડીયા.ગાંધીનગર

દહેજની ફિલાટેક્સ કંપનીના વેરહાઉસમાં ભયંકર આગ


ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક હબ ગણાતા દહેજ સ્થિત ફિલાટેક્સ કંપનીના વેરહાઉસમાં અચાનક ભયંકર આગ ભભૂકી ઊઠતા સમગ્ર પરિસરમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી વિકરાળ હતી કે થોડી જ વારમાં વેરહાઉસમાંથી આગની ઉંચી જવાળાઓ અને ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઉડતા નજરે પડ્યા હતા, જેને પગલે આસપાસના વિસ્તારમાં પણ ચકચાર મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ ઘટનાસ્થળે ૭ ફાયર ફાઈટરોની ટીમ તાત્કાલિક દોડી આવી હતી. ફાયર બ્રિગેડના જવાનો દ્વારા ધસમસતા ધુમાડા વચ્ચે આગ પર કાબૂ મેળવવા માટે પાણીનોમારો ચલાવીને સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આ દુર્ઘટનામાં સદ્નસીબે કોઈ જાનહાની કે ઈજા થયાના અહેવાલ નથી. આગ લાગતા જ વેરહાઉસ અને આસપાસની જગ્યાઓને તાત્કાલિક ખાલી કરાવી દેવામાં આવી હતી.વેરહાઉસમાં આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. આગ સંપૂર્ણપણે કાબૂમાં આવ્યા બાદ જ નુકસાનીનો સાચો આંકડો અને આગ પાછળનું સત્તાવાર કારણ સામે આવશે. પોલીસ અને સ્થાનિક તંત્ર દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પાટણ જિલ્લાના હારીજ તંબોળીયા ગામે મધી બેનના વીર (રામાપીર) નું મંદિર બની રહ્યું છે આસ્થા અને શ્રદ્ધા નું કેન્દ્ર....

દર વર્ષે રક્ષાબંધન ઉત્સવ આવે એટલે ભાઈ વગરની બહેન એવા મધીબેન પોતાની સાસરી તંબોળીયા ગામ તળાવની પાળ ઉપર જઈને વૃક્ષ ને રાખડી બાંધે અને મનોમન ભાઈને રાખડી બાંધી હોય તેવા ભાવ સાથે રક્ષાબંધન ઉત્સવ ઉજવતા ....વર્ષો વીતતા ગયા ....દીકરીઓ મોટી થઈ ... દીકરીના લગ્ન લીધા. મનથી માનેલા ભાઈ ને આર્તનાદ થી પોકાર કર્યો ભાઈ હવે તો જાગૃત થાવ... મધી બેન ને સાંત્વના મળે તેવો સંકેત થયો...સંકેત પ્રમાણે મધી બેને પોતાના ખેતર માં પરિવાર અને અગ્રણીઓ ને સાથે રાખી ને રામદેવજી પીર ના ફોટો પ્રતિષ્ઠા મહોત્સવ ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરી અત્યારે ગામેગામ થી શ્રદ્ધાળુઓ અને ભકતો દર માસ ની સુદ બીજે ભગવાન રામદેવજી મહારાજના નેજા ચડાવવા તેમજ દર્શન માટે પધારે છે . ભક્તિ ભાવપૂર્વક દર્શનાર્થીઓ ભજન અને ભોજન કરે છે સૌ કોઈની મનોકામના અહીં પૂર્ણ થાય છે આ જગ્યાએ આજુબાજુના તેમજ દૂર દૂરથી પણ શ્રદ્ધાળુ અચૂક આવે છે .આ જગ્યાએ સામાજિક કાર્યકર અને વિહીપ ના પૂર્વ જિલ્લા અધ્યક્ષ નીતિનભાઈ વ્યાસ અને પિયુષભાઈ જાની દર્શનાર્થે



પધાર્યા હતા એમનું પણ કુમકુમ તિલક અને અક્ષત શાલ થી સન્માન કરવામાં આવ્યું હતું પ્રસંગોચિત ધર્મ આધારિત ચર્ચા પણ કરવામાં આવી.

સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગર ખાતે ગુજરાત અને મહારાષ્ટ્ર કોમર્સ એસોસિએશનની બે દિવસની ઇન્ટરનેશનલ કોન્ફરન્સનું ઉદઘાટન થયું



યુનિવર્સિટી કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ટીચર્સ એસોસિએશન ગુજરાત રાજ્ય અને કૉમર્સ એન્ડ મેનેજમેન્ટ ટીચર્સ એસોસિએશન મુંબઈની પાંચમી સંયુક્ત ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા આયોજન કરવામાં આવ્યું, કોન્ફરન્સનો મુખ્ય વિષય સિલ્ક રૂટ્સ ટુ ડિઝીટલ રૂટ્સઃ સસ્ટેનેબિલિટી, ઇનોવેશન એન્ડ ધ ટ્રાન્સફોર્મેશન ઑફ બિઝનેસ એન્ડ કલ્ચર રહ્યો જેના ઉપર સમગ્ર દેશમાંથી ૨૦૦ થી વધારે શિક્ષણવિદ અને શોધ છાત્ર ઉપસ્થિત રહ્યા, દીપ પ્રાગત્ય અને પ્રકૃતિ તુલસી પૂજન બાદ કોલેજના આચાર્ય ડૉ આશિષ જનકરાય દવેએ સ્વાગત ઉદબોધનમાં જણાવ્યું કે પરસ્પર સહકારથી જ વિકાસ સંભવી શકે છે અને ટકાઉ અને સર્વાંગી વિકાસ રાષ્ટ્રના નિર્માણ માટે અતિ આવશ્યક છે, અધ્યક્ષ સ્થાનેથી સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ અધ્યક્ષીય ઉદબોધનમાં શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે માત્ર વાતો કરવાથી કામ નહી ચાલે ચોક્કસ નક્કર દિશામાં પૂર્વગ્રહ અને અંધશ્રધ્ધા છોડી કામ કરવું પડશે માનવીય મૂલ્યના મહત્વ પર ભાર મૂકવા જણાવ્યું,ઝ્રછ્ઠ ગુજરાતના સ્થાપક પ્રમુખ ગુજરાત યુનિવર્સિટીના પુર્વ કુલપતિશ્રી પ્રોફેસર એસ.બી. વોરાએ પોતાના ઉદબોધનમાં પુરાતન વ્યવસ્થા અને વર્તમાન વ્યવસ્થાના સમન્વય પર ભાર મૂકવા જણાવ્યું, ઝ્રછ્ઠસ્મહારાષ્ટ્રના પ્રેસિડેન્ટ પૂર્વ પ્રિન્સિપાલ ડૉ. બી. બી. તાયવડેએ બંને એસોસિએશન અને ઈન્ડિયન કોમર્સ એસોસિએશન શિક્ષણ અને સંશોધન પર થતી કામગીરીથી અવગત કર્યા, બીજ વક્તવ્યમાં જૈમિન વસા ફાઉન્ડેશન ના સ્થાપક ડૉ. જૈમિન વસા એ નવચાર માટે હંમેશા સહકાર માટે હાકલ કરી હતી.

અમદાવાદઃ અસારવા સ્ટેશન પર કામગીરીને પગલે અસારવા-ખેડબ્રહ્મા મેમૂ અને કાનપુર સ્પેશિયલ ટ્રેનના સમયમાં ફેરફાર

અમદાવાદઃ અસારવા સ્ટેશન પર કામગીરીને પગલે અસારવા-ખેડબ્રહ્મા મેમૂ અને કાનપુર સ્પેશિયલ ટ્રેનના સમયમાં

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે અસારવા સ્ટેશન પર વિકાસકાર્યોને કારણે ટ્રેન સમયપત્રકમાં ફેરફાર કર્યો છે. ૧ ઓક્ટોબરથી ૩૦ ઓક્ટોબર સુધી અસારવા-ખેડબ્રહ્મા મેમૂ (૬૯૨૫૧) હવે ૧૯:૦૫ કલાકે ઉપડશે. જ્યારે ૦૧૯૦૬ અસારવા-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલ ૬ ઓક્ટોબરથી ૮:૪૫ કલાકે અસારવાથી ઉપડશે. આ ફેરફાર મુસાફરોની સુવિધા માટે કરાયો છે.પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ આવેલા અસારવા સ્ટેશન પર પેસેન્જર સુવિધાઓ સંબંધિત વિકાસકાર્યો હાથ




ધરવામાં આવ્યા છે. આ સુવિધાજનક કામગીરીને કારણે અસારવા-ખેડબ્રહ્મા મેમૂ અને અસારવા-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલ ટ્રેનના સમયપત્રકમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ફેરફાર પહેલી ઓક્ટોબરથી ૩૦મી ઓક્ટોબર સુધી અમલમાં રહેશે.અસારવાથી ૧૯:૦૫ કલાકે ઉપડશે ●સુધારેલા સમયપત્રક મુજબ ૬૯૨૫૧ અસારવા-ખેડબ્રહ્મા મેમૂ અસારવા સ્ટેશનથી ૧૯:૦૫ કલાકે ઉપડશે. ત્યારબાદ પ્રાંતિજ ૨૦:૦૭ કલાકે પહોંચી ૨૦:૦૮ કલાકે ઉપડશે.●આ ટ્રેન હિંમતનગર ખાતે ૨૦:૫૦ કલાકે પહોંચીને ૨૦:૫૨ કલાકે ઉપડશે, જ્યારે ઈડર ખાતે ૨૧:૨૧-૨૧:૨૨ કલાકે રહેશે. ત્યારબાદ ખેડબ્રહ્મા ખાતે ૨૨:૦૦ કલાકે પહોંચશે.

અસારવા-કાનપુર સ્પેશિયલનો સમય પણ બદલાયો●આ ઉપરાંત ટ્રેન નંબર ૦૧૯૦૬ અસારવા-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફેરફાર છઠ્ઠી ઓક્ટોબર ૨૦૨૬થી ટ્રેન નંબર ૨૬૯૦૩/૨૬૯૦૪નું સંચાલન શરૂ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

●સુધારેલા સમય મુજબ ટ્રેન નંબર ૦૧૯૦૬ અસારવા સ્ટેશનથી સવારે ૮:૪૫ કલાકે ઉપડશે અને સરદારગ્રામ સ્ટેશન પર ૧૦:૨૫ કલાકે પહોંચશે. અહીંથી ટ્રેન ૧૦:૨૭ કલાકે ઉપડશે.

અમદાવાદમાં ૧૩ વર્ષની સગીરા સ્માર્ટફોનની દુનિયામાં ખોવાઈ, પારિવારિક આઘાત વચ્ચે સ્કૂલોના મિત્રોથી વિખૂટી પડી હતી

અમદાવાદ શહેરમાં પિતા અને દાદાની છત્રછાયા ગુમાવ્યા બાદ સ્કૂલમાં ક્લાસ સેક્શન બદલાઈ જતાં તમામ મિત્રોથી અલગ પડેલી ૧૩ વર્ષીય સગીરા છેલ્લા બે મહિનાથી ડિપ્રેશનમાં આવીને રૂમમાં પુરાઈ ગઈ હતી. આખો દિવસ મોબાઈલ સ્ક્રીન સામે બેસી રહેતી સગીરા સ્કૂલે જવાની ચોખ્ખી ના પાડતી હોવાથી લાચાર માતાએ '૧૮૧' અભયમ હેલ્પલાઈનની મદદ માંગી હતી. અભયમની ટીમે સ્થળ પર પહોંચી સગીરા અને તેની માતાનું લાંબુ કાઉન્સિલિંગ કરી માનસિક ગાંઠ ઉકેલતાં, સગીરાએ આખરે ફરી સ્કૂલે જવાની તૈયારી દર્શાવી હતી અને મોબાઈલનો ઉપયોગ ઘટાડી પરિવાર સાથે સમય વિતાવવાનું વચન આપ્યું હતું.પારિવારિક આઘાત અને મિત્રોથી વિછોડ બની ગયું ડિપ્રેશનનું કારણ?શહેરના પૂર્વ વિસ્તારમાંથી એક માતાએ ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર કોલ કરી રડમસ અવાજે મદદ માંગી હતી કે તેમની ૧૩ વર્ષની દીકરી છેલ્લા બે મહિનાથી સ્કૂલે જતી નથી અને ઘરમાં પોતાની જાતને એક રૂમમાં



બેસી રહેતી સગીરા સ્કૂલે જવાની ચોખ્ખી ના પાડતી હોવાથી લાચાર માતાએ '૧૮૧' અભયમ હેલ્પલાઈનની મદદ માંગી હતી. અભયમની ટીમે સ્થળ પર પહોંચી સગીરા અને તેની માતાનું લાંબુ કાઉન્સિલિંગ કરી માનસિક ગાંઠ ઉકેલતાં, સગીરાએ આખરે ફરી સ્કૂલે જવાની તૈયારી દર્શાવી હતી અને મોબાઈલનો ઉપયોગ ઘટાડી પરિવાર સાથે સમય વિતાવવાનું વચન આપ્યું હતું.પારિવારિક આઘાત અને મિત્રોથી વિછોડ બની ગયું ડિપ્રેશનનું કારણ?શહેરના પૂર્વ વિસ્તારમાંથી એક માતાએ ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર કોલ કરી રડમસ અવાજે મદદ માંગી હતી કે તેમની ૧૩ વર્ષની દીકરી છેલ્લા બે મહિનાથી સ્કૂલે જતી નથી અને ઘરમાં પોતાની જાતને એક રૂમમાં બંધ રાખી આખો દિવસ ફોનમાં જ વ્યસ્ત રહે છે. કોલ મળતાં જ અભયમ વાન ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે બાળકી સાથે વિશ્વાસ કેળવી વાતચીત શરૂ કરતાં અત્યંત સંવેદનશીલ વિગતો સામે આવી હતી. પરિવારમાં બે ટ્વિન્સ દીકરીઓ છે અને બંને એક જ ક્લાસમાં અભ્યાસ કરે છે. પાંચ વર્ષ પહેલાં તેમના પિતાનું અવસાન થયું હતું, જેના કારણે ઘરનું ગુજરાન દાદાના પેન્શન પર ચાલતું હતું. જોકે, બે મહિના પહેલાં દાદાનું પણ અવસાન થતાં ઘરની આર્થિક જવાબદારી દાદીના અડધા પેન્શન પર આવી ગઈ હતી. આ આઘાત વચ્ચે સ્કૂલમાં છોકરાઓના અવાજના કારણે ક્લાસરૂમનું વિભાજન (સેક્શન ડિવાઇડ) કરી દેવાયું હતું.અભયમ ટીમનું સફળ કાઉન્સિલિંગ?ક્લાસ અલગ થતાં સગીરાના તમામ જૂના મિત્રો બીજા સેક્શનમાં જતા રહ્યા હતા અને તેના નવા ક્લાસમાં તમામ વિદ્યાર્થીઓ અજાણ્યા હતા. જોકે તેની ટ્વિન્સ બહેન પણ એ જ ક્લાસમાં હતી, તેમ છતાં જૂના ફ્રેન્ડ્સથી અચાનક અલગ થઈ જવાનો આઘાત અને ઘરમાં દાદાની વિદાયના તાણે સગીરાને માનસિક રીતે ભાંગી નાખી હતી. તેણે સ્કૂલે જવાનું સદંતર બંધ કરી દીધું અને વાસ્તવિક દુનિયાથી કટ-ઓફ થઈને વર્ચ્યુઅલ દુનિયા એટલે કે સ્માર્ટફોનમાં પોતાની જાતને કેદ કરી લીધી હતી. અભયમની કાઉન્સિલરે સગીરાને જીવનમાં બદલાવ સ્વીકારવા, નવા મિત્રો બનાવવાની કળા અને માતાની આર્થિક-માનસિક સ્થિતિ સમજાવી હતી. ટીમે તેને મોબાઈલના અતિરેકથી થતા નુકસાન અંગે માહિતગાર કરી ફરી સામાન્ય જીવન જીવવા પ્રેરિત કરી હતી. લાંબા કાઉન્સિલિંગ બાદ સગીરાએ આવતીકાલથી નિયમિત સ્કૂલે જવાની ખાતરી આપી હતી.

સંત રવીદાસજીની ૬૫૦ મી જન્મ જયંતિ નિમિતે આજે સમગ્ર ગુજરાતમાં યોજશે ઓનલાઈન મેગા કવિઝ

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ- ગુજરાત દ્વારા આજરોજ તા- ૪/૧૦/૨૬ રવિવારના રોજ સંતશ્રી રવીદાસજીની ૬૫૦ મી જન્મજયંતિ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં ઓનલાઈન મેગા કવિઝનું આયોજન સવારના ૯.૩૦ કલાકથી યોજાશે. જેમાં ૫૦ માર્ક્સના ઓબ્જેક્ટિવ પ્રકારના પ્રશ્નો હશે.જેમાં ધો-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લેશે.આ કવિઝ સંતશ્રી રવીદાસજીના જીવન અને કવન ઉપર હશે.સંગઠન દ્વારા યોજાનાર કવિઝ એ સમરસતાનુ એક મોટુ ઉદાહરણ હશે.મહાસંઘએ શિક્ષકોના પ્રશ્નોનાના સમાધાન સાથે આ મુજબ સમાજ અને રાષ્ટ્રને જોડતા કાર્યક્રમો માટે હંમેશા અગ્રેસર રહ્યુ છે ત્યારે દરેક સમાજના વિદ્યાર્થીઓમાં સંત રવીદાસજીના જીવન વિશે માહિતગાર કરવાનો હેતુ છે.આ અગાઉ પણ સંગઠન દ્વારા ભગવાન બિરસા મુંડા , રાણી અહલ્યાબાઈ , રાણી અબક્કા વિશે પણ કાર્યક્રમ કરી ચૂક્યુ છે.આ કવિઝમાં ભાઈઓ- બહેનોમાં પ્રથમ પાંચ ક્રમાંક મેળવવાનારનું સન્માન આદરણીય શિક્ષણમંત્રીશ્રીઓના હસ્તે સન્માન થશે.આ કાર્યક્રમ માટે મુખ્યમંત્રીશ્રી , શિક્ષણમંત્રીશ્રીઓ દ્વારા શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ છે.આ સામાજિક કાર્યના પ્રોત્સાહન માટે કમિશનરશ્રી શિક્ષણ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવી છે.આ બાબતે કોઈને કોઈ અગવડતા પડે તો મો- ૯૪૨૮૨૨૧૭૨૦ પર સંપર્ક કરવાનું જણાવવામાં આવે છે.

પ્રતિબંધ છતાં કાયદાની ઐસી-તૈસી કરી સોસાયટીઓ દ્વારા આડેધડ ઉઘરાવાતી ટ્રાન્સફર ફી

અમદાવાદની માણેકબાગ સોસાયટી દ્વારા નવા સભ્યો પાસેથી ૨૦ લાખ રૂપિયા ડેવલપમેન્ટ ફી લેવા મુદ્દે ગુજરાત હાઈકોર્ટે રજિસ્ટ્રારના ઓડિટર નિમણૂકના આદેશ પર સ્ટે આપ્યો છે. રાજ્ય સરકારના નિયમો મુજબ, ટ્રાન્સફર ફી મહત્તમ ૦.૫% અથવા ૧ લાખ રૂપિયા (જે ઓછું હોય તે) વસૂલી શકાય છે, છતાં સોસાયટીઓ મનસ્વી રીતે ઊંચી રકમ વસૂલી રહી છે. આ મામલે સભ્યો દ્વારા સત્તાવાળાઓ કડક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે. રાજ્ય સરકારના સ્પષ્ટ નિર્દેશો અને કાયદાકીય જોગવાઈઓ



હોવા છતાં અમદાવાદ શહેરની ઘણી સોસાયટીઓ દ્વારા ટ્રાન્સફર ફી, ડેવલપમેન્ટ ફી અને લાઈફટાઈમ મેન્ટેનન્સ જેવા વિવિધ બહાના હેઠળ મિલકત ખરીદનારા સભ્યો પાસેથી મોં માંગી અને મરજી મુજબની ઊંચી રકમ વસૂલવામાં આવી રહી છે. પરિણામે, આવા વિવાદો જિલ્લા સહકારી રજિસ્ટ્રારથી લઈને બોર્ડ ઓફ નોમિનીઝ કોર્ટો અને ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચી રહ્યા છે.સહકારી કાયદાના નિયમો અને વાસ્તવિકતરાજ્ય સરકાર દ્વારા સહકારી મંડળીઓના કાયદામાં સુધારો કરીને કો-ઓપરેટિવ સોસાયટી કે હાઉસિંગ કો-ઓપરેટિવ સોસાયટીમાં નવા ખરીદદાર પાસેથી વસૂલવામાં આવતી ટ્રાન્સફર ફીની મહત્તમ મર્યાદા મિલકતની વેચાણ કિંમતના ૦.૫ ટકા અથવા વધુમાં વધુ એક લાખ રૂપિયા (બેમાંથી જે ઓછું હોય તે) નક્કી કરવામાં આવી છે. તેમ છતાં, જમીની સ્તરે તેનો વાસ્તવિક અમલ થતો જોવા મળતો નથી

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat